# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-03-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મોરેશિયસના 57માં રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

2) રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ આજે ચંદીગઢ ખાતે પંજાબ યુનિવર્સિટીના 72મા દીક્ષાંત સમારોહને સંબોધિત કરશે.

3) 30 દિવસ માટે તાત્કાલિક અને વચગાળાના યુધ્ધવિરામની અમેરિકાની દરખાસ્ત સાથે યુક્રેન સંમત.

4) પાકિસ્તાનના બલુચિસ્તાનમાં બલૂચ લિબરેશન આર્મી- BLAએ જાફર એક્સપ્રેસ ટ્રેન પર હૂમલો કર્યો.

5) મહિલા પ્રિમીયર લીગ ક્રિકેટ-WPLમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ-RCBએ મુંબઇ ઇન્ડિયન્સને 11 રને પરાજ્ય આપ્યો.

..............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MAURITIUS PAGE-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મોરેશિયસના 57માં રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. ગઈકાલે, શ્રી મોદીએ પોર્ટ લુઇસમાં તેમના મોરેશિયસ સમકક્ષ નવીન ચંદ્ર રામગુલામ સાથે ફળદાયી વાતચીત કરી હતી અને બંને દેશો વચ્ચેની ભાગીદારીની મજબૂતાઈનો પુનરોચ્ચાર કર્યો હતો. બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધો અને વર્તમાન સહયોગની સમીક્ષા કરી હતી અને બંને દેશો વચ્ચેના ખાસ સંબંધોને વધુ ઊંચાઈએ લઈ જવા માટે નવા માર્ગો શોધવાની વાત કરી હતી.

## (BYTE:PM ON CLOSE TIES)

બેઠક દરમિયાન સંરક્ષણ, સુરક્ષા, આર્થિક જોડાણો અને સાંસ્કૃતિક આદાન-પ્રદાન પર ચર્ચા કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રી મોદીએ ખાતરી આપી કે, ભારત મોરેશિયસ માટે એક મૂલ્યવાન અને વિશ્વસનીય વિકાસ ભાગીદાર હોવાનો ગર્વ અનુભવે છે અને બંને દેશો ગ્લોબલ સાઉથના હિતોને પ્રોત્સાહન આપવા માટે સાથે મળીને કામ કરશે. બાદમાં મોરેશિયસના પ્રધાનમંત્રીએ યોજેલા ભોજન સમારોહમાં શ્રી મોદીએ મોરેશિયસને મિની હિન્દુસ્તાન ગણાવ્યું

## (BYTE PM ON MAURITUS)

પ્રધાનમંત્રીએ ગઈ રાત્રે પોર્ટ લુઇસમાં ભારતીય મૂળનાં નાગરિકોને સંબોધન કરતા જણાવ્યું કે, ભારતના સાગર વિઝનનાં હૃદયમાં મોરેશિયસ રહેલું છે. પ્રધાનમંત્રીએ તેમના 30 મિનિટના ભાષણમાં ભોજપુરી ભાષાનો વારંવાર ઉપયોગ કર્યો હતો. ટાપુ રાષ્ટ્ર મોરેશિયસની 70 ટકા વસ્તી ભારતીય મૂળની છે,

ખાસ કરીને ભોજપુરી ભાષા બોલતા લોકોની.દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મોરેશિયસનું સર્વોચ્ચ નાગરિક સન્માન મેળવનાર પ્રથમ ભારતીય બન્યા છે. ગઈ કાલે મોરેશિયસના પ્રધાનમંત્રી નવીનચંદ્ર રામગુલામે શ્રી મોદીને 'ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર એન્ડ કી ઓફ ધ ઇન્ડિયન ઓશન પુરસ્કાર' અર્પણ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. શ્રી મોદીનું આ 21મું આંતરરાષ્ટ્રીય સન્માન છે.

# PREZ- PUNJAB VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે સાંજે મોહાલી ખાતે પંજાબ સરકાર દ્વારા તેમના સન્માનમાં આયોજિત નાગરિક સ્વાગત સમારોહમાં હાજરી આપી હતી. આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કે, ગુરુઓના આશીર્વાદ અને પ્રેરણાથી પંજાબની ભૂમિએ શહીદો અને ક્રાંતિકારીઓને જન્મ આપ્યો છે. તેમણે કહ્યું કે, દેશના સ્વાતંત્ર્ય સંગ્રામના મહત્વપૂર્ણ પ્રકરણો તેની ધરતી પર લખાયા છે.

વિવિધ ક્ષેત્રોમાં રાજ્યની વિશાળ ભાગીદારી વિશે વાત કરતા રાષ્ટ્રપતિએ કહ્યું, પંજાબના પ્રગતિશીલ ખેડૂતોએ પોતાની મહેનત દ્વારા હરિયાળી ક્રાંતિને સફળ બનાવી અને દેશને ખાદ્ય સુરક્ષા પૂરી પાડી છે.

આજે, રાષ્ટ્રપતિ ચંદીગઢ ખાતે પંજાબ યુનિવર્સિટીના 72મા દીક્ષાંત સમારોહને સંબોધિત કરશે.

# LS - DEMAND FOR GRANTS

લોકસભાએ ગઈકાલે બીજી બેચ 2024-25 માટે પૂરક માંગ, 2021-22 માટે વધારાનાં અનુદાનની માંગ અને મણિપુર બજેટ 2025-26ને મંજૂરી આપી હતી.

ગૃહમાં ચર્ચાનો જવાબ આપતા કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે, મણિપુરનાં અર્થતંત્રને ઝડપથી બેઠું કરવા કેન્દ્ર સરકાર તમામ નાણાકીય સહાય આપી રહી છે. તેમણે મણિપુરમાં તાકીદનું ભંડોળ સ્થાપવા 500 કરોડ રૂપિયાના ભંડોળની પણ જાહેરાત કરી હતી.

નાણા મંત્રીએ જણાવ્યું કે, મણિપુરના બજેટમાં કુલ આવક 35 હજાર 368 કરોડ રૂપિયા છે, જ્યારે મહેસુલી આવક 27 હજાર 231 કરોડ રૂપિયા છે. કુલ ખર્ચ 35 હજાર 104 કરોડ રૂપિયા અંદાજવામાં આવ્યો છે.

# PM SURYAGHAR

પ્રધાનમંત્રી સૂર્ય ઘર, મફત વીજળી યોજનાએ 10 માર્ચ સુધીમાં દેશભરમાં 10 લાખ 9 હજાર સ્થાપનો પૂર્ણ કરીને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે.

નવીનીકરણીય ઉર્જા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, ચંદીગઢ તથા દમણ અને દીવે તેમની 100 ટકા સરકારી ઇમારતો પર સૌર લક્ષ્યાંકો પ્રાપ્ત કર્યા છે, જે સ્વચ્છ ઉર્જા અપનાવવામાં દેશનું નેતૃત્વ કરે છે. રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત અને તમિલનાડુ જેવા રાજ્યો પણ સારું પ્રદર્શન કરી રહ્યા છે, જે એકંદર સ્થાપનના આંકડામાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે.

# US – UKRAINE

અમેરિકાએ જણાવ્યું કે, 30 દિવસ માટે તાત્કાલિક અને વચગાળાના યુધ્ધવિરામ માટે તેની દરખાસ્ત સાથે યુક્રેન સંમત થયું છે અને હવે રશિયાએ તેનો પ્રત્યુત્તર આપવાનો છે. અમેરિકાએ યુક્રેનને ગુપ્તચર માહિતી અને લશ્કરી મદદ પૂરી પાડવા પરનો પ્રતિબંધ પણ ઉઠાવી લીધો છે.

**સાઉદી અરેબિયાના જેદ્દાહમાં યુક્રેનના અધિકારીઓ સાથે બેઠક બાદ અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પત્રકારોને આ માહિતી આપી હતી. અમેરિકા અને યુક્રેને જારી કરેલા સંયુક્ત નિવેદનમાં જણાવવામાં આવ્યું કે, તાત્કાલિક અને વચગાળાના 30 દિવસના યુધ્ધ વિરામની અમેરિકાની દરખાસ્ત સ્વીકારવા યુક્રેને તૈયારી બતાવી છે. અમેરિકા રશિયાને આ અંગે માહિતી આપશે કે શાંતિ હાંસલ કરવા માટે રશિયા આ દરખાસ્ત સ્વીકારે તે જરૂરી છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . . .

# PAK-TRAIN ATTACK

**પાકિસ્તાનના દક્ષિણ-પશ્ચિમી પ્રાંત બલુચિસ્તાનમાં બલૂચ લિબરેશન આર્મી- BLAએ જાફર એક્સપ્રેસ ટ્રેન પર હૂમલો કરીને ટ્રેન પર કબ્જો કરીને 450 પ્રવાસીઓને બંધક બનાવ્યા છે. આ ટ્રેન ક્વેટાથી પેશાવર જઈ રહી હતી, ત્યારે આ હૂમલો કરવામાં આવ્યો હતો. આતંકવાદીઓએ બાદમાં નાગરિક બંધકોને છોડી દીધા હતા અને લશ્કરી જવાનો સહિત 214 લોકોને બાનમાં રાખ્યા હતા. હૂમલામાં ટ્રેનનાં ડ્રાઇવરને ઇજા થઈ છે.**

BLAએ આક્ષેપ કર્યો કે, હૂમલામાં 30થી વધી લશ્કરી જવાનોનાં મૃત્યુ થયા છે. પાકિસ્તાનની સરકારના પ્રવક્તાએ દાવો કર્યો કે, સલામતી દળોએ આશરે 80 પ્રવાસીઓને બચાવી લીધા છે.

ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનની સાથે સાથે બ્રિટન અને અમેરિકા સહિતનાં અનેક પશ્ચિમી દેશોએ બલુચ લિબરેશન આર્મીને આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે.

## WPL-CRICKET

મહિલા પ્રિમીયર લીગ ક્રિકેટ-WPLમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ-RCBએ અંતિમ લીગ મેચમાં મુંબઇ ઇન્ડિયન્સને 11 રને પરાજ્ય આપ્યો છે.

ગઇકાલે મુંબઇના બ્રેબોર્ન સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં મુંબઇ ઇન્ડિયન્સે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી હતી. આરસીબીએ મર્યાદિત 20 ઓવરમાં ત્રણ વિકેટે 199 રન કર્યા હતા. જવાબમાં મુંબઇ ઇન્ડિયન્સની ટીમ 20 ઓવરમાં નવ વિકેટ ગુમાવીને 188 રન કરી શકી હતી.

## PARA ATHLETIC

નવી દિલ્હીમાં ગઈ કાલે શરૂ થયેલી વર્લ્ડ પેરા ગ્રાન્ડ પ્રિ એથ્લેટિક્સમાં ભારતે પુરુષોની ડિસ્ક્સ થ્રો F11 સ્પર્ધામાં ત્રણ ચંદ્રક મેળવ્યા હતા.

સાગરે 34.84 મીટરનો થ્રો કરીને સુવર્ણચંદ્રક મેળવ્યો હતો, જ્યારે બાલાજી રાજેન્દ્રને 26.98 મીટર સાથે રજત અને જનક સિંહ હરસાનાએ 25.13 મીટરના થ્રો સાથે કાંસ્યચંદ્રક મેળવ્યો હતો. મહિલાઓની 100 મીટર રેસમાં ભારતની પ્રિતી પાલે 14.85 સેકન્ડ સાથે રજતચંદ્રક મેળવ્યો હતો.

પુરુષોની 100 મીટર રેસમાં ભારતનાં અભિષેક જાધવે રજતચંદ્રક અને વિનયે કાંસ્યચંદ્રક મેળવ્યો હતો.

## BADMINTON

બેડમિન્ટનમાં, ભારતના લક્ષ્ય સેન અને માલવિકા બંસોડ બર્મિંઘમમાં રમાયેલી ઓલ ઇંગલેન્ડ ઓપન ચેમ્પિયનશિપ્સની પ્રિ-ક્વાર્ટરફાઇનલમાં પ્રવેશ મેળવ્યો છે. પુરુષોની સિંગલ્સ સ્પર્ધામાં ગઈ કાલે લક્ષ્ય સેને ચાઇનિઝ તાઇપેઇના સુ લિ યાંગને 13-21, 21-17 અને 21-15થી હરાવ્યા હતા. મહિલા સિંગલ્સમાં માલવિકા બંસોડે પ્રથમ રાઉન્ડમાં સિંગાપોરની ખેલાડી યીઓ મિનને 21-13, 10-21, 21-17 થી હરાવી હતી.

અગાઉ, એચએસ પ્રનોય ફ્રાન્સના ટોમા જુનિયર પોપોવ સામે હારી જતા ટુર્નામેન્ટમાંથી બહાર નીકળી ગયા હતા. આજે પીવી સિંધુ મહિલા સિંગલ્સમાં અને સાત્વિકસાંઇરાજ અને ચિરાગ શેટ્ટી પુરુષ ડબલ્સમાં રમશે.

## MANDAVIYA-KABADDI

યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ભારતીય મહિલા કબડ્ડી ટીમનું સન્માન કર્યું હતું.

છઠ્ઠી એશિયન મહિલા કબડ્ડી ચેમ્પિયનશિપમાં સફળતાપૂર્વક ખિતાબ જાળવી રાખવા બદલ આ સન્માન કરાયું હતું. મંત્રીએ ટીમને તેમની સફળતા બદલ 67 લાખ 50 હજાર રૂપિયાના રોકડ પુરસ્કારની પણ જાહેરાત કરી. ડૉ. માંડવિયાએ જણાવ્યું કે, સરકાર મહિલા ખેલાડીઓના પ્રોત્સાહન માટે તમામ પ્રયાસો કરશે. ઈરાનના તેહરાનમાં માર્ચ દરમિયાન યોજાયેલી આ

ચેમ્પિયનશિપમાં ભારતીય ટીમે યજમાન ટીમ ઈરાનને હરાવીને સફળતાપૂર્વક પોતાનો ખિતાબ જાળવી રાખ્યો હતો.

# COAL IMPORTS

એપ્રિલથી ડિસેમ્બર 2024 દરમિયાન દેશમાં કોલસાની આયાતમાં 8.4 ટકાનો ઘટાડો થયો છે. કોલસા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, એપ્રિલથી ડિસેમ્બર 2024 દરમિયાન કોલસાની આયાત અંદાજે 183 મિલિયન ટન રહી છે, જે ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં અંદાજે 200 મિલિયન ટન હતી. આ ઘટાડાને કારણે આશરે 42 હજાર 300 કરોડ રૂપિયાની વિદેશી હૂંડિયામણની બચત થઈ છે.

મંત્રાલયે જણાવ્યું કે, ઉર્જા ક્ષેત્રને બાદ કરતાં બિન-નિયમિત ક્ષેત્રમાં વધુ નોંધપાત્ર ઘટાડો થયો છે, આયાતમાં વાર્ષિક ધોરણે 12.01 ટકાનો ઘટાડો થયો છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષ લેઉઆ

- આજે તમામ અખબારોએ પાકિસ્તાનમાં ટ્રેન હાઈજેક – 100 બલૂચ લડવૈયાનો હુમલો – 150 જવાન બંધક, પ્રધાનમંત્રીને મોરિશિયસનું સર્વોચ્ચ સન્માન એનાયત, કેનેડા પર આજથી 50 ટકા વળતો ટેરિફ, મસ્કની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા માટે એરટેલ સાથેની ડીલ અને યુક્રેનના રશિયા પરના ડ્રોન હુમલાના સમાચારોને મુખ્ય પાને પ્રકાશિત કર્યા છે.
- સંદેશની હેડલાઈનની છે, પાકિસ્તાનમાં ટ્રેનનું અપહરણ, 30 જવાનોના મોત.
- નવ ગુજરાત સમયે બીજા દિવસે પણ સંસદના બંને ગૃહમાં હોબાળો, મતદાર યાદી અને સિમાંકન મૂદ્દે સરકારને ઘેરવા વિપક્ષનો પ્રયાસના સમાચારને પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.
- ગુજરાત સમાચાર મુખ્ય શિર્ષકમાં લખે છે, ટ્રમ્પનો પ્રહાર : કેનેડા પર આજથી 50 ટકા વળતો ટેરિફ.
- દિવ્ય ભાસ્કરે પ્રથમ પાને લખ્યું છે, ભારત દુનિયામા પાંચમો દૂષિત દેશ, મેઘાલયનું બર્નિહાટ સૌથી પ્રદૂષિત.
- ફૂલછાબે ગુજરાત ધખધખ્યું, બાર જિલ્લામાં 41 ડિગ્રીને પાર તાપમાન, સૌરાષ્ટ્રમાં ભરઉનાળે ગંભીર જળસંકટના એંધાણ. અવૈદ્ય પ્રવાસ રોકવા સરકાર લાવી નવુ બીલ. મોરિશિયસમાં મિનિ હિન્દુસ્તાન વસે છે : મોદી ના સમાચારોને મુખ્ય પાને પ્રકાશિત કર્યા છે.
- ઈન્ડિયન એક્સપ્રેસે એલન મસ્કની સ્ટારલિંક ઈન્ટરનેટ સેવાની એરટેલ સાથેની ડીલના સમાચારને મુખ્ય પાને સ્થાન આપ્યું છે.
- આ ઉપરાંત દિલ્હીમાં પાંચ વર્ષ જૂના કેસમાં કેજરીવાલ સામે એફ.આઈ. આર.નો કોર્ટનો આદેશ, ભારતમાં ગેરકાયદે પ્રવેશ રોકવા બીલ સાત વર્ષની કેદ, 10 લાખનો દંડ થશે. મણિકર્ણકા ઘાટ પર મસાન હોળીના સમાચારો પ્રથમ પાને જોવા મળે છે.